
## જન્મદિને વધામણી


કાન્તિભાઈ પી. રાઠી
(પૂર્વ મંત્રી : લાયન્સ કલબ-બાયડ)
બાયડ, જિ.અરવલ્લી


ડાહ્યાભાઈ ઉપદેશી
(સત્યમ સોસાયટી)
બાયડ, જિ.અરવલ્લી


કૌશિક પટેલ
બાયડ


અમૃતભાઈ જે. પટેલ
(ચેરમેન : નાનાચેખલા સેવા મંડળી)
નાનાચેખલા, તા.તલોદ


સુભાષભાઈ પટેલ
(પૂર્વ પ્રમુખ : સાબરકાંઠા જિલ્લા આચાર્ય સંઘ)
પુંસરી (મોડાસા)


વિનોદભાઈ એલ. પટેલ
હરીપુરાકંપા, તા.ધનસુરા


મીતાબેન અતુલભાઈ પટેલ
(સી.ડી.પી.ઓ., બાયડ ઘટક)
બાયડ, જિ.અરવલ્લી


દક્ષાબેન ગુણવંતભાઈ જોષી
(સ્વામિનારાયણ સોસાયટી, વિભાગ-૨)
બાયડ (રડોદરા)

# ધોમધખતો તાપ અને પ્રિમોન્સૂન એક્ટીવીટી શરૂ

# સાબરકાંઠા, અરવલ્લીના ગ્રામ્ય વિસ્તારોમાં સર્પોનો પ્રજનન સમય શરૂ, પ્રજનન સમયે કોઈ છંછેડે તો ઘાતક બને

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૨૯ કાળઝાળ ગરમી પરાકાષ્ટાએ છે. તાઉતે વાવાઝોડાની ઈફેક્ટથી વાતાવરણમાં બદલાવ આવ્યો છે. છેલ્લા બે દિવસથી પ્રિ-મોન્સૂન એક્ટીવીટી શરૂ થઈ હોય તેવા અણસાર મળી રહ્યા છે સાથે સાબરકાંઠા, અરવલ્લી જિલ્લાના અનેક ગ્રામ્ય વિસ્તારોમાં સર્પોનો પ્રજનન સમય શરૂ થયો છે. પ્રજનન સમયે નર અને માદા સર્પોને જો છંછેડવામાં આવે તો તે ઘાતક બની શકે છે. દરેક સર્પ ઈંડાં જ મૂકે તેવું પણ નથી સર્પ પણ પોતાના બચ્ચા બે રીતે મુકતા હોવાનું વન અધિકારીઓ દ્વારા જણાવાયું છે. ઉનાળાનો અંત અને ચોમાસાની શરૂઆતના દિવસો સમયે સ્વાભાવિક રીતે રહેણાંક વિસ્તારોમાં સર્પોનો ઉપદ્રવ રહેતો હોય છે. સામાન્ય લોકો તેને ગરમી



વધી છે એટલે સર્પો દરમાંથી બહાર આવે છે એમ માને છે પરંતુ હકીકતમાં આ સમયગાળો સર્પો માટે શ્રેષ્ઠ પ્રજનનકાળ માનવામાં આવે છે.

વસંત ઋતુમાં સર્પ શિયાળાની પોતાની શીત સમાધીમાંથી બહાર આવે છે ત્યારબાદ ઉનાળાના અંત ભાગ અને ચોમાસાની શરૂઆતમાં તેમને પ્રજનન કરવાનો તથા ઈંડાં મૂકવાનો ગાળો શરૂ થતો હોય છે. મોડાસા તાલુકાના મહાદેવગ્રામમાં શનિવારે સર્પોનું મેટીંગ જોવા મળ્યું આ સમયે નર અને માદા સર્પ એકબીજામાં ઓતપ્રોત થઈ ગયા હતા કેટલાક યુવાનોએ સર્પોના મેટીંગને કેમેરામાં કંડાર્યો હતા. વન વિભાગના જણાવ્યા અનુસાર સર્પોનું પ્રજનન ઉનાળાના અંતમાં અને ચોમાસાના આરંભમાં થતું હોય છે. ચોમાસામાં થયેલ પ્રજનન અને ઈંડાં કે સીધાં બચ્ચાં મૂકવાથી જન્મેલા બચ્ચાને ચોમાસા દરમ્યાન નાના દેડકાં, ઉંદર, જીવડાં, ગરોળીઓ ખોરાકરૂપ મળી રહેતી હોય છે અને બચ્ચાઓનો ઝડપથી વિકાસ કરવાની અને શક્તિ પ્રાપ્ત કરવાની સમાંતર કુદરતે પૂરી પાડે છે. એટલે જ કહેવું પડે કે કુદરત મહાન છે. દરેક સર્પ ઈંડાં જ મૂકે એવું પણ નથી હોતું.




## દાંતીવાડા પાંથાવાડા પંથકમાં પીવાના પાણીનો કાળો કકળાટ

દાંતીવાડા પાંથાવાડા પંથકમાં સતત ચાર દિવસથી લોકોને પીવાનું પાણી ન મળતા લોકો ક્યાંકને ક્યાંક ભારે મુશ્કેલીનો સામનો કરી રહ્યા છે લોકો પાણી માટે રાહ જોઈને બેઠા છે સરપંચ દ્વારા પણ પાણી મળતું હોવાથી લેખિત રજૂઆત કરવામાં આવી છે સવારથી લઈને રાત્રીના સમય દરમ્યાન પણ ગામ કૂવે પીવાના પાણી માટે લોકો ઊભેલા જોવા મળ્યા હતા ધાનેરાના ધારાસભ્ય નથાભાઈ પટેલ દ્વારા પાણી પુરવઠા મંત્રીને પત્ર લખી ધાનેરા અને દાંતીવાડા તાલુકામાં પીવાના પાણીની સમસ્યાનો ઉકેલ લાવવા માટે રજૂઆત કરાઈ છે ત્યારે નથાભાઈ પટેલ દ્વારા વધુમાં એ પણ જણાવવામાં આવ્યું હતું કે શું જળાશય યોજનામાંથી આવતું પાણી કેટલાક ગામડાઓમાં બંધ થઈ જતાં પાણીની સમસ્યા સર્જાઈ છે ત્યારે જે પંચાયત ૧૦% નાણા ભરવાની સંમતિ આપી છે તેવી પંચાયતને તાત્કાલિક પાણીના બોર માર માટેની મંજૂરી આપવા માટે પણ ભલામણ કરેલ

## અરવલ્લીના નિ:સહાય શ્રમજીવી પરિવારોને આર્થિક સહાય સ્વૈચ્છિક સંસ્થા પ્રયોજન દ્વારા ચુકવાઈ

કોરોના કાળની વૈશ્વિક મહામારીમાં રોજે રોજનું દહાડી કમાઈ ને ગુજરાન ચલાવતા ગરીબ નિ:સહાય શ્રમજીવી પરિવારો ની કંગાળ હાલત દયનીય બની ગઈ છે. કોરોનાને અટકાવવા લોકડાઉન પણ અતિ જરુરી બન્યું હતું. દિનપ્રતિદિન કુદકે ને ભૂસકે વધતી મોંઘવારી માં લોકડાઉન ને લીધે રોજનું કમાઈને પેટ ભરતા લોકોને માટે આજે શું ખાઈશું ?, કાલે શું ખાઈશું ? એની પણ ચિંતા હતી. સવારે એક કપ ચા પીવા માટે દૂધના પૈસા પણ નહોતા. ત્યારે સામાન્ય તાવની દવા લેવા માટેના પણ પૈસા નહોતા. આવી વિકટ પરિસ્થિતિમાં કષ્ટભંજન બનતા અરવલ્લી જિલ્લા સામાજિક સમરસતાના કન્વીનર ચંદ્રકાન્ત પટેલની સ્થાપિત પ્રયોજન સંસ્થાએ અરવલ્લી જિલ્લાના અંતરિયાળ આદિવાસી અને બક્ષીપંચ ગરીબ ગ્રામીણ વિસ્તાર ના ૨૦૦ થી વધુ પરિવારોની ડોર ટુ ડોર રુબરુ મુલાકાત લઈ રુ. ૫૦૦-૫૦૦ ની આર્થિક સહાય ની મદદ કરી હતી.



**શ્રી સરસ્વતી વિદ્યાલય, રમાસ હાઈસ્કૂલની કૃતિ જિલ્લામાં શ્રેષ્ઠ કૃતિ તરીકે પસંદ થઈ**

બાયડ તાલુકાની છેવાડાની નાનકડી એવી શ્રી સરસ્વતી વિદ્યાલય રમાસ ચાલુ વર્ષે કોરોના મહામારી ના કારણે એપ્રિલ માસમાં ઓનલાઈન યોજાયેલ ગણિત-વિજ્ઞાન પ્રદર્શનમાં વિભાગ- ૫ ગાણિતિક નમૂનાઓ માં સમગ્ર બાયડ નોડલ માં અને ત્યારબાદ સમગ્ર અરવલ્લી જિલ્લામાં પણ શ્રેષ્ઠ કૃતિ તરીકે પસંદગી પામી આગામી દિવસોમાં રાજ્યકક્ષાએ ગણિત-વિજ્ઞાન પ્રદર્શનમાં ભાગ લેવા જઈ રહી છે ત્યારે શાળાના બાળ વૈજ્ઞાનિકો પટેલ જીનિલ દીક્ષિતભાઈ તથા રાઠોડ નિલેશ મુકેશભાઈ ને શાળા પરિવાર તેમજ નવયુવક કેળવણી મંડળ વતી ખૂબ ખૂબ અભિનંદન... વિભાગ - ૫ માં કૃતિનું નામ હતું 'લર્નિંગ મેથેમેટિક્સ વિથ મેજિકલ બોક્સ' સમગ્ર પ્રોજેક્ટ અને તેમજ બાળકોને તૈયાર કરવામાં શાળાના પ્રિન્સિપાલ ઉન્મેશ બી. પટેલ અથાગ મહેનત કરી હતી..,અત્રે ઉલ્લેખનીય છે કે ગત વર્ષે પણ શાળાનો એક પ્રોજેક્ટ નેશનલ કક્ષાએ ગયો હતો તેમજ બીજો એક પ્રોજેક્ટ યુનિસેફ અને ચાઈલ્ડ ઈનોવેશન પ્રોગ્રામ અંતર્ગત સમગ્ર રાજ્યમાં બીજો નંબર મેળવી આપણા લોકલાડીલા મુખ્યમંત્રીશ્રી વિજયભાઈ રૂપાણી ના હસ્તે સન્માનિત કરવામાં આવ્યા હતા., શાળાને જિલ્લા તેમજ રાજ્યકક્ષાએ ગણિત-વિજ્ઞાન પ્રદર્શનમાં મોખરાનું સ્થાન અપાવવા બદલ શાળાના પ્રિન્સિપાલ,વિદ્યાર્થીઓને કેળવણી મંડળના ચેરમેન ,મંત્રી, પૂર્વ પ્રિન્સીપાલ પોપટભાઈ એમ પટેલ તેમજ કારોબારી સભ્યો અને શાળા પરિવારે અભિનંદન પાઠવ્યા હતા.

# ડચકાં ખાતા હેન્ડ પંપ : ખેડબ્રહ્માના અનેક ગામોમાં પાણી માટે પ્રજાનો પરીશ્રમ, મહિલાઓ, બાળકોનો રઝળપાટ

### પાણીની તંગી વચ્ચે તંત્ર પ્રિ-મોન્સૂન કામગીરીમાં વ્યસ્ત

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૨૯ ખેડબ્રહ્મા તાલુકાના અંતરીયાળ ગામડાઓમાં પાણી માટે પ્રજાને પરીશ્રમ કરવાની ફરજ પડી છે. કાળઝાળ ઉનાળામાં નદી, તળાવ, ચેકડેમ સૂકાભઠ્ઠ બની ગયા પછી હેન્ડપંપનાં પાણી ઉંડે જતાં ડચકાં ખાતા હેન્ડપંપ ઉપર પાણી માટે ભીડ એકઠી થતાં કોરોનાના કપરા કાળમાં સોશ્યલ ડિસ્ટન્સિંગના લીરા ઉડ્યા છે. હેન્ડપંપથી પાણી ન મળતાં મહિલાઓ અને બાળકોને સીમાડામાં રઝળપાટ કરવો પડતો હોવાની વિગતો સામે આવી છે. અંતરીયાળ વિસ્તારોમાં પાણીની તંગી છતાં જવાબદાર તંત્ર પ્રિ-મોન્સૂન કામગીરીમાં વ્યસ્ત બન્યું છે.

સરકાર જલ સે નલ યોજના પાછળ કરોડો રૂપિયાનું આંધણ કરી રહી છે. ગ્રામ્ય અને શહેરી વિસ્તારોમાં નલ સે જલ યોજનાનો લક્ષ્યાંક પરીપૂર્ણ થયાના દાવા થઈ રહ્યા છે પરંતુ સાબરકાંઠા જિલ્લાના અંતરીયાળ આદિવાસી વિસ્તારોમાં પીવાના પાણીની સમસ્યા ઠેર ની ઠેર રહી છે. ઉનાળાની કાળઝાળ ગરમીમાં અનેક ગામોમાં પાણીની વિટંબણાના કારણે પાણી માટે મહિલાઓ અને બાળકોને ધોમધખતા તાપમાં પરીશ્રમ કરવો પડે તેવી સ્થિતિ પેદા થઈ છે. ખાસ કરીને તાલુકાના ખરણીયા, ચંદ્રાણા અને દેમતી સહિતના વિસ્તારોમાં જલ સે નલ યોજના પૂર્ણરૂપે સાકાર થઈ નથી જેના કારણે પીવાનું પાણી મેળવવા માટે એકમાત્ર હેન્ડપંપ આધારરૂપ સાબિત થતા હોય છે. જો કે આકરા ઉનાળામાં મોટાભાગના હેન્ડપંપ પાણી છોડવા લાગ્યા છે જેના કારણે મહિલાઓને બેડાં લઈને સીમાડાઓમાં ભટકવાનો વારો આવ્યો છે. જે હેન્ડપંપ કાર્યરત છે તેમાં પણ હવે પાણીનો આવરો ખૂટવા લાગતાં પાણીનું એકબેડું ભરવા માટે પણ હેન્ડપંપ આસપાસ મહિલાઓની ભીડ જામી જતી હોય છે. ચોમાસુ નજીક આવતાં તંત્ર તેની પૂર્વ તૈયારીમાં પરોવાયું છે પરંતુ અંતરીયાળ ગામડાઓમાં પીવાના પાણી માટે પ્રજા હાલાકી ભોગવી રહી છે.

# ભ્રષ્ટ વન તંત્ર : અરવલ્લીમાં બેરોકટોક ગેરકાયદે લીલા વૃક્ષોનું નિકંદન, પોલીસ-વન વિભાગની સાંઠગાંઠ

### ફીટનેસ વગરનાં વાહનોમાં અન્ય જિલ્લાની સો મીલમાં ઠલવાતું લાકડું

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૨૯ અરવલ્લીમાં વન વિભાગના ભ્રષ્ટાચારથી દંડનીય કાર્યવાહી કરતી અરવલ્લી પોલીસ લાકડાં ભરીને જતા ટ્રેક્ટરોમાં નંબર દરમ્યાન લીલાં લાકડાં ભરીને જતા વાહનો જોવા મળતા હતા પરંતુ હવે વન થાય છે છતાં કોઈ કાર્યવાહી થતી નથી જેનો મતલબ એ થયો કે વિરપ્પનોએ ખાખી મોબાઈલ ઉપાડતા નથી અને કોઈ જવાબ મળતો પણ નથી. લોકચર્ચા તો એવી

**ગેરકાયદે લાકડાં ભરી દોડતા વાહનોના નંબર પ્લેટો પણ ગાયબ..**

માલપુર, બાયડ અને ધનસુરા પોલીસ સ્ટેશનની હદમાંથી ગેરકાયદે લીલાં વૃક્ષોનું લાકડું ભરીને દોડતા વાહનો પાસેથી દર મહિને નિયમિત ઉઘરાણાં થતા હોવાના આક્ષેપ છે પરંતુ તેમાં તથ્ય હોવાનું હવે દેખાઈ રહ્યું છે કારણ કે સરકાર અને આર.ટી.ઓ. વિભાગ દ્વારા ફીજીકલી અનફીટ નંબરપ્લેટ વગરનાં વાહનો જપ્ત લેવાની સૂચના છતાં લીલું લાકડું ભરીને દોડતાં વાહનોમાં નંબર પ્લેટો જ ગાયબ છે જેથી તળીયાથી ટોચ સુધી બધા જ ભ્રષ્ટાચારમાં સહભાગી હોય તેવી હવા ઉભી થઈ છે.




પાછલા ૫ વર્ષમાં વન વિસ્તાર ઘટ્યો છે. દિવસ-રાત ગેરકાયદે લીલાં વૃક્ષો કાપી અન્ય જિલ્લાની સો મીલમાં ઠલવાઈ રહ્યું છે જેમાં વિરપ્પનો સાથે વન વિભાગના કર્મીઓની સંડોવણી જગજાહેર છે. સામાન્ય નંબર પ્લેટ ફેન્સી હોય તો પણ પણ ન હોય છતાં આસાનીથી આવન જાવન માટે લાલ જાજમ પાથરી છે. લાગે છે વન વિભાગ અને પોલીસની સાંઠગાંઠ ઉપર રાજ્ય સરકાર અંકુશ નહીં મૂકે તો અરવલ્લી જિલ્લામાંથી વનરાજી નામશેષ થઈ શકે છે.

જિલ્લાના બાયડ, માલપુર, ધનસુરા, મોડાસા વિસ્તારમાં ગેરકાયદે વૃક્ષછેદન પ્રવૃત્તિ ધમધમી રહી છે. અગાઉ માત્ર રાત્રિ વિભાગની ભ્રષ્ટ ટોળકીને રાજ્ય સરકાર અને તેના વન વિભાગના ઉચ્ચ અધિકારીઓનો પણ ડર ન હોય તે રીતે માલપુર, બાયડમાંથી દરરોજ લીલાં વૃક્ષો ભરીને જતાં ૨૦ થી વધુ ટ્રેક્ટર જોવા મળી રહ્યાં છે. બાયડ તાલુકા પંચાયત, મામલતદાર કચેરી, પોલીસ સ્ટેશન, પ્રાંત કચેરી ત્યાર પછી ડેમાઈ પોલીસ ચોકી આગળથી જ વાહનો પસાર વર્દીને પોતાના તાબામાં કરી લીધી છે. રાજ્ય સરકાર દ્વારા કોરોનાના કારણે મૃત્યુદર ઉંચકાતાં સ્થાનિક વન વિભાગને જરૂરીયાત મુજબ સ્મશાન ગૃહમાં લાકડાં આપવા માટે પરીપત્ર કર્યો હતો પરંતુ કેટલાય ગામોના નાગરિકોએ જણાવ્યું કે અમે આવી રજૂઆત કરી અને વન વિભાગના અધિકારીઓને મોબાઈલ કર્યા પરંતુ છે કે વન વિભાગે આરક્ષિત લાકડું પણ વિરપ્પનોને બારોબાર સગેવગે કરવા માટે છૂટો દોર આપી દીધો છે. પરંતુ અત્યારે તો વૃક્ષછેદન પ્રવૃત્તિ ચરમસીમાએ છે તે જોતાં અરવલ્લી કલેક્ટરે આ અંગે તપાસના આદેશ કરી જે પણ વન કર્મીઓ વિરપ્પનો સાથે સંડોવાયેલા હોય તેમની સામે દાખલારૂપ કાર્યવાહી કરે.

## બાયડ પોલીસે પરણિતાને ભગાડી જનારને છાવર્યો હોવાના ગંભીર આક્ષેપ

### જિલ્લા પોલીસ વડા દ્વારા ન્યાયિક તપાસ થાય, વહુને અમારે ઘરે લાવવી નથી : સસરા

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૨૯

બાયડ તાલુકાના દહેગામડાની પરણિતાને ગામનો નરેશ તીકાભાઈ રાવળ ભગાડી ગયો હતો અને આ અંગે બાયડ પોલીસ સ્ટેશનમાં લેખિત ફરિયાદ આપતાં પોલીસે પરણિતાને ભગાડી જનારને છાવર્યો હોવાના ગંભીર આક્ષેપ સાથેની ફરિયાદ રેન્જ આઈ.જી.ને કરવામાં આવી છે. સમગ્ર પ્રકરણની અરવલ્લી પોલીસ વડા દ્વારા ન્યાયિક તપાસ થાય તો બાયડ પોલીસ સ્ટેશનમાં ચાલતી ભાગબટાઈનો પર્દાફાશ થઈ શકે છે. જ્યારે પરણિતા એકાએક પિયરમાં પ્રગટ થઈ છે ત્યારે વહુને અમારે ઘરે લાવી નથી તેવું આક્રોશ સાથે તેના સસરા છગનભાઈ કાંહ્યાભાઈ રાવળે જણાવ્યું છે.



પ્રાપ્ત જાણકારી અનુસાર તાલુકાના દહેગામડાના જશુભાઈ છગનભાઈ રાવળની પત્નિ સુભદ્રાને ગામનો નરેશ તીકાભાઈ રાવળ ભગાડી જતાં આ અંગે તા.૬ મે., ૨૦૨૧ના રોજ બાયડ પોલીસ સ્ટેશનમાં લેખિત ફરિયાદ આપવામાં આવી હતી. પરંતુ પોલીસે લેખિત ફરિયાદને સામાન્ય ફરફરીયું ગણાવી ઉપરછલ્લી તપાસ હાથ ધરી મામલો દબાવી દીધો. પત્નિને ગામનો અન્ય ઈસમ ભગાડી ગયો છે તો તેના ઉપર શું વિતતી હશે..?? તે બાબતે બાયડ પોલીસે ગંભીરતાપૂર્વક કોઈ વિચારણા ન કરી રાવળ પરિવાર પત્નિને ભગાડી જનારા ગામના ઈસમ સામે પગલાં ભરવા પોલીસ સ્ટેશનમાં વારંવાર રજૂઆત છતાં પણ કોઈ ઉચ્ચ પગલાં ભરાયાં નહીં માત્ર તપાસના નામે દેખાડો કરી મામલો દબાવી દેવામાં આવ્યો છે. બાયડ પોલીસની કામગીરીથી નારાજ થયેલા જશુભાઈ રાવળે રેન્જ આઈ.જી.ને લેખિત ફરિયાદ કરી છે જેમાં બાયડ પોલીસ સ્ટેશનના તપાસ અધિકારીએ આરોપી તરફી તપાસ કરી છે. જેથી આ મામલે અમને ન્યાય આપવા માટે ગુહાર લગાવી છે. છેલ્લા કેટલાય સમયથી બાયડ ટાઉન તેમજ તેના કેટલાક બીટના જમાદારો સામે મામલા રફે દફે કરવાના ગંભીર આક્ષેપ લાગ્યા છે. જિલ્લા પોલીસ વડાએ બાયડ પોલીસ સ્ટેશનમાં મોટાપાયે સાફસૂફી કરવાનો સમય પાકી ગયો છે.

### બાયડ પોલીસની કામગીરી શંકાસ્પદ : વૃદ્ધાનો આક્ષેપ

પોતાના દિકરાની પત્નિને ગામનો યુવાન ભગાડી ગયો છે. વહુ પણ ગુમાવી અને આબરૂ પણ ગુમાવ્યા જેવી સ્થિતિમાં પડી ભાંગેલા વૃદ્ધા છગનભાઈ કાંહ્યાભાઈ રાવળે રડતાં રડતાં જણાવ્યું કે અમે બાયડ પોલીસ સ્ટેશને આરોપી વિરૂદ્ધ કાર્યવાહી કરવા માટે આજીજી કરી પરંતુ મારી ફરિયાદ ઉપર યોગ્ય લક્ષ અપાયું નહીં અને માત્ર દેખાડો કરી તપાસ સમેટી લીધી છે. બાયડ પોલીસની કામગીરી શંકાસ્પદ અને ભ્રષ્ટાચારી હોવાનો ખુલ્લો આક્ષેપ કર્યો છે.